# કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો કહે છે ૮ થી ૧૧ ઓગષ્ટમાં વરસાદ થશે

ગાંધીનગર, તા. ૭

આગામી ૮ થી ૧૧ ઓગષ્ટ દરમ્યાન જિલ્લામાં વરસાદ થશે તેવી આગાહી દાંતીવાડા કૃષિ યુનિ. અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા કૃષિ સલાહ પૂર્વાનુમાન બુલેટીનના અંક નં. ૩૨માં કરવામાં આવી છે.

આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે આગામી પાંચ દિવસોમાં આકાશ વાદળછાયુ રહેશે અને મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન ૩૦ થી ૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫થી ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૦ થી ૯૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવાયા મુજબ પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૨૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. વરસાદ પડવાની સંભાવના હોઈ વાવેતર કરેલ પાકોમાં પિયત અને રસાયણનું છંટકાવ કરવુ નહિ. વરસાદની સ્થિતિમાં ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ખેતરમાંથી વધારાનુ પાણી બહાર કાઢવુ.



જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવામાં આવી છે. ત્યારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ કલમ શુ હતી તેમજ તેનુ બંધારણ કેવુ હતુ તે અંગેની જાણકારી આપવા તેમજ જાગૃતિ લાવવા માટે સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય દ્વારા એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ દરમિયાન વિદ્યાર્થીઓએ ૩૭૦ ની અદભુત રેખાકૃતિ તૈયાર કરવામાં આવી હતી.

# આર ટી ઓ કચેરીમાં ૪ હજાર વાહનોને નંબરો ફળવાયા નથી

**વાહનોના નંબરો પાડવાની પ્રક્રીયા મંદ : અરજદારો પણ પરેશાન**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી વાહનોના નંબરો પડતા નથી. હાલની સ્થિતિએ પણ ૪ હજાર જેટલા નંબરો પડવાના બાકી છે. જેના લીધે વાહનચાલકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં થોડા સમય અગાઉ વિજપુરવઠો ખોરવાતા પણ કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં દુવિધાઓની ભરમાર છે. અપુરતા સ્ટાફની ફરિયાદની સાથે ટેકનિકલ ખામીઓ સર્જાતા આર ટી ઓ કચેરીની કામગીરી વારંવાર ઠપ્પ થઈ જાય છે. અગાઉ પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવાના લીધે અરજદારોએ વારંવાર ધક્કા ખાવાનો વારો આવે છે. છેલ્લા ઘણાં સમયથી આર ટી ઓ કચેરીમાં વાહનોના નંબરો પાડવાની કાર્યવાહી ખોરંભે પડી છે. હાલની સ્થિતિએ પણ અંદાજિત ૪ હજાર જેટલા વાહનોના નંબરો પડયા નથી. જેના લીધે વાહન ચાલકોએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ હોવાનો દાવો કરવામા આવે છે. જયારે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ સહીત અરજદારોનો સમય ન વેડફાય તે મુજબની કાર્યપધ્ધતિ અપનાવામાં આવી હોવાનુ પણ જણાંવાય છે પરંતુ ટેકનિકલ ખામીના લીધે આર ટી ઓ કચેરીમાં આવતા અરજદારોએ દુર દુરથી ધક્કા ખાવા પડે છે. અરજદારોના કામ ન થતા આક્રોશની લાગણી વ્યાપી છે. અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલી આર ટી ઓ કચેરી અરજદારો માટે શિરદર્દ સમાન બની રહી છે. વારંવાર આ સ્થિતિ સર્જાતી હોવાછતા સમસ્યાના કાયમી ઉકેલ માટે કોઈ આયોજન થતુ નથી. બીજીતરફ વાહનચાલકોએ ખોટી રીતે દંડાવાનો વારો આવતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

# આજથી પુનઃ વરસાદ

**ગાંધીનગર સહિત રાજ્યભરમાં ત્રણ દિવસ ભારે વરસાદના યોગ છે : અંબારામ પટેલ**

ગાંધીનગર, તા. ૭

બે-ત્રણ દિવસ વિરામ લીધા બાદ વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. આગામી બે-ત્રણ દિવસમાં રાજયમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે વરસાદ અત્રે જોઈએ તો ગુજરાના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થવામાં છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદ થવામાં છે. હજુ પણ પોરબંદર, ઉત્તર ગુજરાતના ભાગો અને સુરેન્દ્રનગર જિલ્લાના ઘણા ભાગોમાં વરસાદ ઓછો છે. કેટલાક ભાગોમાં તો વાવણીલાયક વરસાદ પણ થવામાં નથી. આથી ગ્રહો, ભૌગોલિક બાબતો તેમજ અન્ય આધારે જોતા તા. ૮ થી ૧૨માં ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ આવી શકે તેમ છે. દક્ષિણ મહારાષ્ટ્રના ભાગો અને મુંબઈના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાના સંજોગો છે.

આહવા, ડાંગ, વલસાડ, નવસારી, બારડોલી અને સુરતના ભાગોમાં પણ ભારે વરસાદની સંભાવના છે. કેટલાક ભાગોમાં ભારેથી વધુ વરસાદ થવાની શક્યતા છે. સૌરાષ્ટ્રના ભાગો અને દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના છે. નદી નાળા અને જળાશયોમાં પાણીનો આવરો આવે, બંધોમાં પણ પાણીનો વધુ આવરો આવવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના ભાગો, સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં પણ જ્યાં વરસાદ ઓછો થયો છે ત્યાં વરસાદ આવી શકે. કચ્છના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર, ઉના, ઊંઝા, મહેસાણા, પાટણ, કડી, બેચરાજી, માણસા, કલોલ વગેરે ભાગોમાં પણ વરસાદની સંભાવના છે. કોઈ કોઈ ભાગોમાં ૩ થી ૪ ઈંચ કે તેથી વધુ વરસાદ થવાની સંભાવના છે. દક્ષિણના ભાગો, લખતર, વઢવાણ, લિંબડીના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. ચોટીલાના ભાગોમાં વધુ વરસાદની સંભાવના છે.

# અનિયમિત ચોમાસાને પગલે જિલ્લામાં ખરીફ ઋતુનુ વાવેતર ૪૮ ટકા જ થયુ

**સૌથી ઓછુ વાવેતર કલોલમાં તો સૌથી વધુ દહેગામમાં વાવેતર થયુ છે : દિવેલા, ઘાસચારા અને શાકભાજીના વાવેતરમાં ખેડૂતો સક્રિય થયા, બદલાયેલી વરસાદની પેટર્ન પણ ઓછા વાવેતરનું કારણ**

ગાંધીનગર, તા. ૭

અનિયમિત ચોમાસાની અસરો ખરીફ ઋતુના વાવેતર પર જોવા મળી રહી છે અને જિલ્લામાં અત્યાર સુધીમાં માત્રને માત્ર ૪૮.૭૦ ટકા જેટલુ જ વાવેતર થયુ છે.

જોકે બીજી તરફ તંત્ર ગત વર્ષના અનુભવને ધ્યાને રાખી એવો દાવો કરી રહ્યુ છે કે વાવેતર વિસ્તારની સરેરાશ જળવાઈ રહેશે. ગત વર્ષની પેટર્ન પ્રમાણે જ વાવેતર ગતિ પકડી રહ્યું છે. તંત્રના સૂત્રોનું કહેવુ છે કે વરસાદની પેટર્નમાં થયેલ બદલાવ પણ મોડા વાવેતરનું એક કારણ છે. ગત વર્ષની તુલનામાં વાવેતર આવુ જ નોંધાયુ હતુ. જોકે આ વખતે વાવેતર વિસ્તારમાં વધારો નોંધાયો છે તેમ પણ આ સૂત્રોએ કહ્યુ હતુ.

જિલ્લામાં છેલ્લા બે દિવસના વરાપ પછી ખરીફ મોસમની વાવેતરની કામગીરી વેગીલી બની હોવાનો દાવો પણ તંત્રના આ સૂત્રો કરી રહ્યા છે. હાલ દિવેલા, શાકભાજી તેમજ ઘાસચારાના વાવેતરમાં ખેડૂતો સક્રિય બન્યા હોવાનું પણ જાણવા મળેલ છે. બિયારણ અને ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનો દાવો પણ તંત્રએ કર્યો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૩,૬૪૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જેમાં ગાંધીનગરમાં ૧૮૭૮૪ હેક્ટરમાં દહેગામમાં ૨૮૧૫૨ હેક્ટરમાં, કલોલમાં ૮૯૩૭ હેક્ટરમાં અને માણસામાં ૧૭૭૭૫ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. સૌથી ઓછુ

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના ભરતી કૌભાંડમાં તટસ્થ તપાસ કરાવવા માંગ

**ભરતી કૌભાંડમાં અધિકારી, પદાધિકારીની મીલી ભગત છે : મુખ્યમંત્રીને પત્ર લખી કરી માંગ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં ૬૦ કર્મયોગીઓની ભરતીના વિવાદને લઈ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સમગ્ર ભરતીકાંડ અંગે તટસ્થ તપાસ કરાવવાની માંગ કરી છે.

બારોટે રાજયના મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે આ સમગ્ર કૌભાંડમાં પદાધિકારી અને અધિકારીના નામ ઉછળી રહ્યા છે અને આખીય બાબત જનમાસનમાં શંકા કુશંકા જગાવી રહેલ છે. આ સ્થિતિમાં દૂધનુ દૂધ અને પાણીનુ પાણી થાય તેવી તટસ્થ તપાસ થાય તે જરૂરી છે.

આ પ્રકરણમાં અમારા અન્ય સિનીયર કાઉન્સીલરોએ કમિશ્નરને પત્રો લખ્યા છે પણ તેઓ તપાસ કરતા નથી અને સમગ્ર બાબતમાં એકહથ્થુ વલણ દાખવી સમગ્ર પ્રક્રિયા આગળ ધપાવી રહ્યા છે. આમ થશે તો ગરીબ યુવાનોને અન્યાય થશે અને તેજસ્વીતાને બહાર આવતી અટકાવશે.

બારોટે આ પ્રકરણમાં અધિકારી અને પદાધિકારીને સજા થાય તે રીતે તટસ્થ તપાસ કરાવવા માંગ કરી છે. જી.ટી.યુ.ને સમગ્ર ભરતીની જવાબદારી સોંપાયા બાદ ઈન્ટરવ્યુ પહેલાં પૈસાની માંગણી કરવામાં આવી રહી છે.

આ તપાસમાં મનપાના એક પણ અધિકારી કે પદાધિકારીની દખલગીરી ના હોય તે રીતે સંપૂર્ણ પારદર્શક તપાસ કરાવવાની અમારી સ્પષ્ટ માંગ છે.

# શહેરમાં જળસંગ્રહની વ્યવસ્થાને યોગ્ય કરવા માટે મહામંડળની રજુઆત

**વરસાદી પાણીના નિકાલની લાઇનના કામ દરમિયાન સર્જાયેલી ભયજનક સ્થિતિ નિવારવા માટે પણ ત્વરિત પગલા લેવા મેયરને રજુઆત**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં જળસંગ્રહ માટે યોગ્ય વ્યવસ્થા થાય તેમજ વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરી બાદ સર્જાયેલી ભયજનક સ્થિતિ નિવારવા માટે પણ યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરીના લીધે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથ ઉપર પણ મોટા ખાડા પડયા છે. આ ભયજનક સ્થિતિને ડામવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવે તેવી રજુઆત પણ કરવામાં આવી છે.

ગાંધીનગરને ગ્રીન સીટી બનાવવા માટે જળસંચય તરફ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે તેમ જિલ્લા કલેકટરે નગરના જન્મદિવસની ઉજવણી પ્રસંગે પણ જણાંવ્યુ હતુ. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે મેયરને રજુઆતમાં જણાંવ્યા મુજબ શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા પહેલેથી જ ખાડે ગયેલી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૨ ટ્રાફિક સિગ્નલ બંધ : બેફામ દોડતા વાહનોથી અકસ્માતનો ભય

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલના લીધે ટ્રાફિક નિયમનનુ સ્તર સુધર્યુ છે. બીજતરફ સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ સર્કલો પણ દુર કરવા જોઈએ તેવી લાગણ પણ પ્રબળ બનતી જાય છે. પીક અવર્સ દરમિયાન સિગ્નલના લીધે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ વાહનચાલકો માટે ટ્રાફિક સિગ્નલ સાનુકુળ છે. ત્યારે ઘ-૨ પાસેનુ ટ્રાફિક સિગ્નલ વારંવાર ડુલ થઈ જાય છે. છેલ્લા પાંચ દિવસથી આ સિગ્નલ બંધ હાલતમાં છે.

ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ સંચાલન ધીમે ધીમે નિયમન મુજબ થઈ રહ્યુ છે. આમ નાગિરાકો પણ ટ્રાફિક સિગ્નલથી હવે ટેવાઈ રહ્યા છે. પરંતુ હજુ સિગ્નલ આનુસંગિક વ્યવસ્થાઓ યોગ્ય કરવાની અનિવાર્યતા છે.

ટ્રાફિક સિગ્નલ ઓન ઓફ થવાના સમય મામલે પણ અનેક સવાલો મંડરાયા છે. જયારે સેકટરો તરફથી સર્કલ તરફ આવતા માર્ગ પર સિગ્નલ બંધ હોય ત્યારે ડાબી બાજુએ જવા માટે પણ વાહનચાલકોને જગ્યા મળતી નથી. ટ્રાફિક સિગ્નલના સમયમાં પણ જરૂરી અભ્યાસના અંતે ફેરફાર કરવા માટે પણ રજુઆત કરવામાં આવી રહી છે.

આવા સંજોગોમાં ગતિ નિયંત્રણનો હજુ અભાવ વર્તાય છે. જયારે સિગ્નલ ગમે ત્યારે બંધ રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

નગરના ઘ-૨ નુ ટ્રાફિક સિગ્નલ છેલ્લા ચાર પાંચ દિવસથી બંધ હાલતમાં છે .જેના લીધે ઘ-૨ સર્કલ પર ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે થતુ નથી. સર્કલ પર ચારેબાજુથી વાહનો ઘસી આવતા ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે. ઘ-૨ સર્કલ પર ટ્રાફિક સિગ્નલ ત્વરિત શરૂ થાય તેવી માંગણી પણ સ્થાનિક નાગરિકોએ કરી છે.


**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત**

(A State Public University established by Government of Gujarat)

**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત**

જાહેરાત નં. ૦૧/૨૦૧૯

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત તેની નિયમીત-કાયમી બીન-શૈક્ષણિક અને શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે ઓનલાઇન તથા નિયત નમૂનામાં અરજીઓ આમંત્રિત કરે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાઓ | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રાર * | ૧ | સામાન્ય વર્ગ | ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે -૧૦૦૦૦ |

* રજિસ્ટ્રારની નિમણૂંક સીધી ભરતીના આધારે પાંચ વર્ષના કાર્યકાળ માટે રહેશે, જે સમાન શરતો માટે રીન્યૂ કરી શકાશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાઓ | વિષય | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૨ | પ્રોફેસર | ૩ | એજ્યુકેશન | સામાન્ય(૩) | ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે -૧૦૦૦૦ |
| ૩.૧ | એસોશીએટ પ્રોફેસર | ૬ | એજ્યુકેશન | સામાન્ય(૧) | ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે -૯૦૦૦ |
| ૩.૨ | | | એજ્યુકેશન | એસઇબીસી(૧) | |
| ૩.૩ | | | એજ્યુકેશન | એસટી(૧) | |
| ૩.૪ | | | ફિઝીક્સ | સામાન્ય(૧) | |
| ૩.૫ | | | લાઇફ સાયન્સ | સામાન્ય(૧) | |
| ૩.૬ | | | કેમેસ્ટ્રી | એસઇબીસી(૧) | |
| ૪.૧ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૯ | એજ્યુકેશન | સામાન્ય(૧) | ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે -૬૦૦૦ |
| ૪.૨ | | | એજ્યુકેશન | ઇડબ્લ્યુએસ(૧) | |
| ૪.૩ | | | એજ્યુકેશન | એસટી(૧) | |
| ૪.૪ | | | સામાજિક વિજ્ઞાન | એસઇબીસી(૧) | |
| ૪.૫ | | | ગુજરાતી | સામાન્ય(૧) | |
| ૪.૬ | | | સંસ્કૃત | ઇડબ્લ્યુએસ(૧) | |
| ૪.૭ | | | મેથેમેટીક્સ | સામાન્ય(૧) | |
| ૪.૮ | | | ફિઝીક્સ | એસઇબીસી(૧) | |
| ૪.૯ | | | કેમેસ્ટ્રી | એસટી(૧) | |

| | |
|---|---|
| ઓનલાઇન અરજી શરુ થવાની તારીખ | ૦૮/૦૮/૨૦૧૯ |
| ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ | ૨૨/૦૮/૨૦૧૯ |
| તમામ બિડાણ સહિતનું ઓનલાઇન અરજી ફોર્મની પ્રિન્ટ કોપી આઇઆઇટીઇ ખાતે પ્રાપ્ત થવાની છેલ્લી તારીખ (ટપાલ પ્રક્રિયાના દિવસો સહિત) | ૩૦/૦૮/૨૦૧૯ |

જરુરી વિગતવાર માહિતી અને ઓનલાઇન અરજી કરવા માટે અમારી વેબસાઇટ www.iite.ac.in ની મુલાકાત લેવા વિનંતી છે. એક કરતા વધુ જગ્યાઓ માટે અલગ-અલગ અરજી કરવી.

તારીખ: ૦૭/૦૮/૨૦૧૯, રજિસ્ટ્રાર, આઇ.આઇ.ટી.ઇ.

માહિતી/૮૬૦/૧૯-૨૦


**બેસણુ**



અમારા પુત્ર **શ્રી દિનેશભાઈ પોપટલાલ સોની** નું દુઃખદ અવસાન તા. ૦૨/૦૮/૨૦૧૯ને શુક્રવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૦૯/૦૮/૨૦૧૯ ને શુક્રવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.

સ્થળ : સરકારી કોમ્યુનીટી હોલ, સેકટર-૭ પોલીસ સ્ટેશનની સામે, સેકટર-૭, ગાંધીનગર.

સ્વ. પોપટલાલ જયચંદ દાસ પરિવાર

સ્વ. પ્રકાશચંદ્ર પોપટલાલ સોની
કનૈયાલાલ પોપટલાલ સોની
દેવેન્દ્રભાઈ પોપટલાલ સોની
દિપ દિનેશભાઈ સોની

સ્વ. શૈલેષભાઈ દશરથલાલ સોની
દિપકભાઈ દશરથલાલ સોની
ભરતભાઈ દશરથલાલ સોની

# કલ્ચરલ ફોરમના પ્રસન્નતા પર્વમાં જાણીતા વિચારકો અને વક્તાઓની અભિવ્યક્તિનો અનોખો કાર્યક્રમ

**૧૦-૧૧ ઓગસ્ટ શનિવાર - રવિવાર ટાઉનહોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ગીત-સંગીતનો જલ્સો પણ યોજાશે**

ગાંધીનગર, તા.૭

'ગાંધીનગર કલ્ચરલ ફોરમ' સ્થાપનાના રજયજયંતિ વર્ષને પ્રસન્નતાના ૨૫મા વર્ષ તરીકે ઉજવે છે ત્યારે ઉજવણીના ભાગરૂપે આગામી ૧૦-૧૧ ઓગસ્ટે ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત વિચારકો અને વક્તાઓના વકતવ્યનો અનોખો કાર્યક્રમ યોજ્યો છે. પ્રસન્નતા જાળવવાના ઉપાયો વિવિધ ચિંતકો દ્વારા રજૂ કરાશે. સાથોસાથ ૧૦મીની સાંજે જીવવાનો સ્હેજ મોકો આપીએ અને હૂંફને થોડો ભરોસો આપીએ એવો સમય સાથે સેલ્ફીનો ગીત સંગીત સાથેનો કાર્યક્રમ પણ આયોજ્યો છે.

પ્રસન્નતાના પર્વનો પ્રારંભ ૧૦મી ઓગસ્ટને સવારે ૯.૪૫ વાગે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજીના વક્તવ્યથી કરાશે. 'સેવા એ જ પ્રસન્નતા' વિષય ઉપર ભૂપેન્દ્રસિંહજી પ્રારંભિક વકતવ્ય આપશે. અને ત્યારબાદ ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી 'મોજમાં રહેવું - મોજમાં રહેવું' વિષય પર મનનીય વકતવ્ય આપશે. જયારે બીજા સત્રમાં 'સંવાદ પ્રસન્નતાનું સ્રોત છે' વિષય પણ જાણીતા કવિ અને વક્તા તુષાર શુક્લ પોતાની રસપ્રદ શૈલીમાં વિચારો વ્યક્ત કરશે. જાણીતા લેખિકા અને કુશળ મહિલા વક્તા કાજલ ઓઝા વૈદ્ય 'પ્રસન્ન દાંપત્યજીવન' વિષય ઉપર નિખાલસ અને ચોટદાર ચર્ચા કરશે. પારદર્શકતા જ પ્રસન્નતાનો પાયો છે. એ વિષય ઉપર જાણીતા વક્તા અને અધ્યાપક ડૉ. માર્ગી હાથી વિચારો વ્યક્ત કરશે. ત્રીજા સત્રમાં રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન જીવન જીવવામાં પ્રસન્નતાને હૂંફને મહિમા ગાન કરતાં ખેલદિલ સંબંધોના દરિયાદિલ ગીતોનો રસપ્રદ કાર્યક્રમ 'સમય સાથે સેલ્ફી' અંકિત ત્રિવેદીના સંચાલન હેઠળ રજૂ થશે. જેમાં ગુજરાતના જાણીતા કલાકારો દિવ્યાંગ અંજારિયા, આનલ વસાવડા, રાગ મહેતા અને નયન શર્મા પ્રસન્નતાના ગીતોની મહેફીલ જમાવશે.

જયારે ૧૧મી ઓગસ્ટ રવિવારે સવારે ૯.૪૫ કલાકે પ્રસન્નતા પર્વના ચોથા અને અંતિમ સત્રમાં લોકપ્રિય વિચારકો અને વક્તાઓની અનોખી અભિવ્યક્તિ યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com